सत्यमेव जयते

**દાખલ તારીખઃ–**

**ફેસલ તારીખઃ– ૬–૭–૨૧**

**કુલ સમય ગાળોઃ–**

**...વર્ષ..... માસ....... દિવસ.**

**અમદાવાદના એડી. ચીફ મેટ્રોપોલીટન મેજી. સાહેબની કોર્ટમા, (કોર્ટ નંબર–૪)**

**CC NO. 856-2016**

**આંકઃ**

**ફરીયાદીઃ– શ્રી સરકાર.**

**વિરુધ્ધ.**

**આરોપીઓઃ– કીરણભાઈ રમેશભાઈ ચૌહાણ, પુખ્ત, રે. અમદાવાદ.**

**ઈ.પી.કો.કલમ– ૩૨૪, ૩૨૩ તથા જી.પી. એકટ ક. ૧૩૫**

**ફરીયાદપક્ષે મદદનીશ સરકારી વકીલશ્રી મકવાણા.**

**આરોપીઓ તરફે વિધ્વાન વકીલ શ્રી**

# // ઠ રા વ //

૧). ફરીયાદ પક્ષના કેસની હકીકત એવી છે કે, આરોપીએ બનાવ સમયે ફરીયાદી સાથે ઝઘડો કરી માર મારી જાહેરનામાનો ભંગ કરી ઈજાઓ કરી ગુનો કરેલો છે.

૨). સદર કામે આરોપીને સમન્સ કરતા તેઓ ને બજી જતા તેઓ કોર્ટ માં હાજર થતા તેમને પોલીસ તપાસ ના કાગળો ની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીની સામે પ્લી રેકર્ડ કરી તે તેઓ ને વાંચી સંભળાવી સમજાવતા જવાબ લેવામાં આવતા તેઓ એ ગુના કબુલાત હકીકત નો ઈન્કાર કરતા સદર કામ ફરીયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ છે.

૩) સદર કામે ફરીયાદ પક્ષે તેમના કેસ ના સમર્થન માં નીચે મુજબ ના મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

– સાહેદ ભાવેશભાઈ વસંતભાઈની જુબાની.

– ફરીયાદ.

– ફરીયાદીની પુરાવા બંધની પુરશીસ.

૪). સદર કામે ફરીયાદ પક્ષના પુરાવા ના અંતે આરોપીની સામે પુરતો પુરાવો ન જણાતા ક્રિ. પ્રો. કોડ ની કલમ ૩૧૩ અન્વયે વધુ જવાબ લેવામાં આવેલ નથી. ફરીયાદ પક્ષે એ. પી. પી. શ્રીને તથા બચાવ પક્ષે વિ. વ. શ્રીને સાંભળવામાં આવેલ છે.

૫). સદર કામે બંને પક્ષ ની દલીલો તથા રજુ કરવામાં આવેલ પુરાવા ધ્યાને લેતા મારા નિર્ણયો માટે નીચે મુજબ ના મુદ્દા ઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદપક્ષ સાબીત કરે છે કે, આરોપીએ બનાવ સમયે ફરીયાદી સાથે ઝઘડો કરી હથિયાર ધારણ કરી મે. જીલ્લા મેજી. સાહેબના જાહેરનામાનો ભંગ કરી માર મારી ગંભીર ઈજાઓ કરી આ અદાલતની હકુમતમા ઈ.પી.કો. ક.૩૨૪, ૩૨૩ તથા જી.પી. એકટ ક. ૧૩૫ મુજબનો ગુનો કરેલો છે ?

(૨) શું હુકમ?

૬). ઉપરોકત મુદ્દાઓ માટેના મારા નિર્ણયો તથા કારણો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

**(૨) આખરી હુકમ મુજબ.**

**૭). ફરીયાદ પક્ષે તેમના કેસ ની હકીકત પુરવાર કરવા માટે ફરીયાદી ભાવેશભાઈ વસંતભાઈને તપાસતા પક્ષકારો વચ્ચે ઘરમેળે સમાધાન થઈ ગયેલ હોવાનુ જણાવેલ છે તેમજ ઉલટતપાસમા આરોપીઓએ કોઈ જ માર મારેલ ન હોવાનુ તથા હથિયાર ધારણ કરેલ ન હોવાનુ જણાવેલ છે. આ કામે રેકર્ડ પર સમાધાન રજુ થયેલ છે. જેથી સમાધાન થયાની રજુઆત કરેલ હોઈ આરોપી વિરૂધ્ધ લેશમાત્ર હકીકત જણાવેલ નથી. ત્યાર બાદ કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.**

**૮). સદર કેસ ની ઉપરોકત તમામ હકીકતો અને પડેલ પુરાવા ને ધ્યાને લેતા ફરીયાદ પક્ષ પોતાના પુરાવા થી આરોપીને તેઓની સામેના ગુનામાં તકસીરવાન ઠરાવી શકે તેવો કોઈ જ પુરાવો પુરવાર કરવામાં સદતંર નિષ્ફળ રહેલ હોય જેથી મુદ્દા નં.૧ નો જવાબ " ન કા ર માં " આપી મુદ્દા નં.૨ માટે નીચે મુજબ નો હુકમ કરવામાં આવે છે.**

**: હુ ક મ ::**

**આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૨૪૮ (૧) અન્વયે ઈ.પી.કો. ક. ક. ૩૨૪, ૩૨૩ તથા જી. પી. એકટ ક. ૧૩૫ મુજબનો આક્ષેપાયેલા શિક્ષા પાત્ર ગુના માંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે. મુદ્દામાલ અપીલ સમય બાદ નાશ કરવો.**

**આરોપીના હાલના જામીનખત રદ કરવા તેમજ આરોપીએ સી.આર.પી.સીની કલમ ૪૩૭(એ) અન્વયે અપીલ થતા સુધીના જામીન રજુ કરવા.**

**આજરોજ તારીખ :– ૬ જુલાઈ ૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.**

| | | |
|---|---|---|
| | | ( બી. જે. પટેલ ) |
| | | એડીશનલ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ (કોર્ટ નં.૪)<br>અ મ દા વા દ. |
| | | કોડ નંબર જી.જે. ૦૦૯૭૭ |